# પુરુષના ખિસ્સા ખાલી કરનારા
# બે જાદુગરો - પત્ની અને પડીકી!

આ પણા ગુજરાતી સમાજમાં બે વસ્તુઓ એવી છે જેના વિના સરેરાશ પુરુષનું જીવન અધૂરું, નીરસ અને સુકુંભઠ્ઠ લાગે છે–એક છે 'પત્ની' અને બીજી છે 'પડીકી' (મસાલો/માવો/ ફાકી). આમ જોવા જઈએ તો આ બંને વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે, પણ જો જરા ઊંડા ઉતરીને, હળવાશથી વિચાર કરીએ તો સમજાશે કે આ બંને કુદરતની એવી કરામત છે જે પુરુષને પોતાના ઈશારે નચાવે છે. ચાલો આજે આ બંને મહાન શક્તિઓની એક સરસ મજાની તુલના કરીએ.

જ્યારે કોઈ યુવાનના લગ્ન નક્કી થાય છે, ત્યારે તેના ચહેરા પર એક અનોખી લાલાશ હોય છે. પત્નીના આગમનની રાહમાં તે રાતોની ઊંઘ ગુમાવી બેસે છે. બરાબર એવું જ કંઈક પડીકીના બંધાણી સાથે પણ થાય છે. સવારે ઊઠીને જ્યાં સુધી હાથમાં પડીકી ન આવે ત્યાં સુધી જીવ અધ્ધર રહે છે. પડીકી હાથમાં આવતા જ જે રોમાંચ થાય છે, તેવો જ રોમાંચ લગ્નના શરૂઆતના દિવસોમાં પત્નીને જોઈને થતો હોય છે. બંનેની શરૂઆત ભારે આકર્ષણ અને મધુરતાથી થાય છે!

પડીકી બનાવવાની પણ એક કળા છે. સોપારી, ચૂનો વગેરેનું પ્રમાણ જો આઘુંપાછું થયું તો પડીકીનો સ્વાદ બગડી જાય. બંધાણીઓ હથેળીમાં પડીકીને એટલી જોરથી

**પત્નીનું મેન્ટેનન્સ પડીકી કરતાં જરા હાઈ-લેવલનું હોય છે. પત્નીને દર મહિને નવી સાડી, ઓનલાઈન શોપિંગના પાર્સલ અને બ્યુટી પાર્લરના ખર્ચા જોઈએ જ. પડીકી ખાધા પછી મોઢું સાફ કરવું પડે, જ્યારે પત્ની શોપિંગ કરીને આવે પછી ખિસ્સું સાફ કરવું પડે!**

ઘસે છે કે જાણે દેશની જીડીપી એમના હાથમાં જ ન હોય!

બીજી તરફ, પત્નીને 'તૈયાર' થવાની પ્રક્રિયા પણ આવી જ ચોકસાઈ માગી લે છે. ફાઉન્ડેશન, લિપસ્ટિક અને મેચિંગ આઈશેડો... આ બધાનું પ્રમાણ જો બરાબર ન સચવાય તો આખો મૂડ બગડી શકે છે. પડીકી ઘસવામાં જે સમય અને ધીરજ જોઈએ, તેના કરતાં ચાર ગણી ધીરજ પત્ની તૈયાર થઈને બહાર આવે ત્યાં સુધી સોફા પર બેસી રહેવામાં જોઈએ છે. બંને જગ્યાએ પુરુષે માત્ર ધીરજ જ રાખવાની હોય છે.

પડીકી દેખાવમાં નાની અને સસ્તી લાગે છે, પણ જો રોજની ગણતરી કરો તો વર્ષે દહાડે મોટું બજેટ રોકે છે. વળી, પડીકી ખરીદવા માટે ખિસ્સામાં રોકડા રૂપિયા હોવા જરૂરી છે.

'પડીકી તો માત્ર ખિસ્સા ખાલી કરે છે, પણ પત્ની આખું બેંક એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડ બંને ખાલી કરાવી શકે છે.'

પત્નીનું મેન્ટેનન્સ પડીકી કરતાં જરા હાઈ-લેવલનું હોય છે. પત્નીને દર મહિને નવી સાડી, ઓનલાઈન શોપિંગના પાર્સલ અને બ્યુટી પાર્લરના ખર્ચા જોઈએ જ. પડીકી ખાધા પછી મોઢું સાફ કરવું પડે, જ્યારે પત્ની શોપિંગ કરીને આવે પછી ખિસ્સું સાફ કરવું પડે!

પડીકી મોઢામાં મુકતા જ માણસને એક અલગ જ નશો ચડે છે. ક્યારેક જો ચૂનો વધારે પડી ગયો હોય તો જીભ કપાવા લાગે છે અને માથું ભમવા માંડે છે.

આની બરાબર સામે, પત્ની જ્યારે પોતાના પિયરથી પાછી આવે અથવા ફુલ મૂડમાં લેક્ચર શરૂ કરે, ત્યારે પણ પતિનું માથું ભમવા લાગે છે. પત્નીના વેધક વેણ ક્યારેક પડીકીના તીખા ચૂના કરતાં પણ વધારે જીભ અને હૃદયને કાપી નાખે છે. પડીકી ખાધા પછી માણસ ગમે ત્યાં 'થૂંકી' શકે છે, પણ પત્ની સામે કંઈ બોલ્યા પછી માણસે થૂંકેલું ગળવું પડે છે!

દુનિયામાં પડીકી છોડવી જેટલી અઘરી છે, તેટલી જ અઘરી (અરે, અશક્ય) પત્નીને છોડવી છે. ડોક્ટર ગમે તેટલી ધમકી આપે કે 'પડીકી છોડો નહિતર ઉપર જશો', છતાં બંધાણી છાનામાના ખૂણામાં જઈને પડીકી ચોળી જ લે છે.

એ જ રીતે, મિત્રો ભલે ગમે તેટલી સલાહ આપે કે 'ભાઈ, થોડો પાવર બતાવ', પણ પતિ ઘરે જઈને પત્ની સામે 'ભીની બિલાડી' જ બની જાય છે. તમે પડીકી વિના રહી શકતા નથી અને પત્ની વિના જીવી શકતા નથી. બંને એકવાર જીવનમાં આવી જાય પછી 'આજીવન સજા' બનીને રહે છે.

ઘણા લોકો ઘરમાં ખબર ન પડે તેમ ચોરીછૂપીથી પડીકી ખાતા હોય છે. સોફાની પાછળ કે ગાડીના ડેશબોર્ડમાં પડીકી છુપાવવી પડે છે.

પત્નીના કિસ્સામાં ઊલટું છે. પત્નીને છુપાવી શકાતી નથી, પણ પત્નીથી ઘણી બધી બાબતો (જેમ કે પગાર, પર્સનલ ચેટ કે જૂની ગર્લફ્રેન્ડના કિસ્સા) છુપાવવી પડે છે. જો પત્નીના હાથમાં તમારો ફોન આવી જાય, તો એ પડીકી પકડાઈ જવા કરતાં પણ મોટો ધરતીકંપ લાવી શકે છે!

પડીકી એ માત્ર એક ટેવ છે, જ્યારે પત્ની એ જીવન જીવવાનું એવરેસ્ટ શિખર છે, જેને સર કરવું દરેક પુરુષના બસની વાત નથી. તેથી, પડીકી ઘસવાનું ભલે ચાલુ રહે, પણ પત્ની સામે હાથ ઘસવાનું ક્યારેય બંધ ન કરવું, એમાં જ સાચું પુરુષાર્થ અને ડહાપણ સમાયેલું છે!

